# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## વ્યવસાયવેરા કાયદા હેઠળ વ્યવસાયીઓની જવાબદારી

## ફક્ત એનરોલમેન્ટ (EC) ધારકો માટે

**www.egovamc.com**

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | ડેઝીગ્નેટેડ ઓથોરીટી એટલે શું? | ડેઝીગ્નેટેડ ઓથોરીટી એટલે રાજ્યમાં વ્યવસાયવેરો ઉઘરાવવા માટે નક્કી કરાયેલ વિવિધ સત્તાધિકારીઓ |
| ૨ | અમદાવાદ શહેરમાં વ્યવસાયવેરાના જાણકારી, ફરિયાદ વિ. કામ માટે ક્યા સત્તાધિકારીને મળવાનું રહે? | આસી.મેનેજર-પ્રોફેશન ટેક્ષ (જે તે ઝોન) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને મળવુ. |
| ૩ | આ કાયદા હેઠળ ક્યા ક્યા વ્યવસાયીઓએ વેરો ભરવાનો થાય? | તમામ રજીસ્ટર્ડ ભાગીદારી પેઢીઓ, તમામ ફેક્ટરી માલિકો, તમામ દુકાનદારો (જેમાં વર્ષ દરમ્યાન સરેરાશ દૈનિક પાંચ કર્મચારીઓ કામ રાખેલા હોય) વેલ્યુએટેડ ટેક્ષ કાયદાની વ્યાખ્યા મુજબ તમામ વેપારીઓ જેમનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૨.૫૦ લાખથી વધુ હોય, ટ્રાન્સપોર્ટ વિહિકલની પરમીટ ધરાવનારાઓ, નાણાં ધીરધાર કરનારાઓ, પેટ્રોલપંપના માલિકો, લીમીટેડ કંપનીઓ, તમામ બેંકો, સહકારી મંડળીઓ, એસ્ટેટ એજન્ટસ, બ્રોકર્સ, બીલ્ડીગ કોન્ટ્રાકટર્સ, તમામ વીડીયો પાર્લર્સ, વીડીયો લાઈબ્રેરીઝ, ફોરવર્ડ કોન્ટ્રેક્ટ એક્ટ હેઠળ નોધાયેલ એસોસિએશનના સભ્યો, સ્ટોક એક્ચેન્જના સભ્યો, અન્ય વ્યવસાયીઓ જેવા કે કાયદાના સલાહકારો, સોલીસીટર્સ, ચિકિત્સકો, વીમા એજન્ટો, વગેરે (સંપૂર્ણ યાદી માટે શિડયુલ જોવું) |
| ૪ | શિડયુલમાં જણાવેલ વ્યવસાયીઓએ નોંધણી કરાવવી ફરજીયાત છે? | હા જી. પરંતુ અગાઉ નોંધાયેલ હોય તો ફરી વખત નોંધણી કરાવવાની રહેશે નહી. |
| ૫ | કઇ કચેરીમાં નોંધણી કરાવવાની? | કોઇપણ સીટી સીવીક સેન્ટરમાં ફક્ત એક વખત ફોર્મ ૩ માં નોધણી કરાવવી જરૂરી છે. |
| ૬ | કેટલા સમયમાં નોંધણી કરાવવાની રહે? | કાયદા હેઠળ જવાબદારી ઉદ્ભવે તેના ૬૦ દિવસમાં નોંધણી કરાવવાની રહે. |
| ૭ | નોંધણી કરાવવા માટે ક્યા પુરાવા રજુ કરવા? | નોધણી કરાવવા માટે વેટ હેઠળ નોંધણી થયેલ હોય તેની નકલ, પાન કાર્ડની નકલ, ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન સર્ટિ.ની નકલ,કંપની રજીસ્ટ્રેશન સર્ટિ.ની નકલ,ધંધો શરૂ કર્યાનો પુરાવો,છેલ્લા ૩ વર્ષના ચલણોની નકલ તેમજ પ્રોપર્ટી ટેક્સનું બીલ રજુ કરવું. |
| ૮ | આવા વ્યવસાયીએ કેટલો વેરો ભરવાનો થાય? | સંબંધિત ડેઝીગ્નેટેડ ઓથોરીટી જે દર નક્કી કરે તે દરે વેરો ભરવાનો રહેશે. કાયદાની કલમ-૩(૨) મુજબ સરકારશ્રીએ વેરાની લઘુત્તમ મર્યાદા તા. ૧-૪-૦૮ના જાહેરનામાથી નક્કી કરી છે. તે મર્યાદાથી ઓછો નહિ તેટલો તથા શિડયુલમાં દર્શાવેલ મહત્તમ વેરાની મર્યાદામાં ડેઝીગ્નેટેડ ઓથોરીટીએ વેરાના દર નક્કી કરવાના રહેશે. જ્યાં સુધી ડેઝીગ્નેટેડ ઓથોરીટી આવા દર નક્કી ના કરે ત્યાં સુધી લઘુત્તમ વેરો ભરવાનો રહેશે. |

| | | |
|---|---|---|
| ૯ | આ વેરો કેવી રીતે ભરવાનો રહે? | આ વેરો કોઇ પણ સીટી સીવીક સેન્ટર ઉપર રોકડેથી અથવા ચેક, ડિમાન્ડ ડ્રાફટથી જે મ્યુનિસિપલ કમિશ્નર અમદાવાદના નામનો અમદાવાદ ખાતે પેયેબલ હોય તે દ્વારા ભરી શકાય. |
| ૧૦ | નોંધણી માટે ક્યા નમૂનાના ફોર્મમાં અરજી કરવાની રહે? | વ્યવસાયવેરા નિયમોમાં નક્કી થયેલ નમૂનો-૩માં અરજી કરવાની રહે. |
| ૧૧ | આ નમૂના-૩ના ફોર્મ ક્યાંથી મળે? | આ ફોર્મ કોઇ પણ સીટી સીવીક સેન્ટર ઉપરથી તેમજ ઝોનલ ઓફિસથી વિના મૂલ્યે મળી શકે. તેમજ www.egovamc.com ઉપરથી મળશે. |
| ૧૨ | જો વ્યવસાયી રાજ્યમાં એકથી વધુ ધંધાના સ્થળો એટલે કે શાખાઓ ધરાવતા હોય તો દરેક સ્થળે નોંધણી કરાવવાની? | દરક શાખા અલગ વ્યક્તિ તથા અલગ એસેસી ગણાય. જેથી દરેક શાખાની અલગ નોંધણી લાગુ પડતી ડેઝીગ્નેટેડ ઓથોરીટી પાસે કરાવવાની રહે. |
| ૧૩ | જો નોંધણી સમયસર ન કરાવવામાં આવે તો? | જેટલો સમય નોંધણી મોડી કરાવે તેટલા સમય માટે રોજના રૂ. ૧૦/- લેખે દંડ ભરવાનો થાય. |
| ૧૪ | જો કોઇ વ્યવસાયીનું ધંધાનું સ્થળ એકથી વધુ ડેઝીગ્નેટેડ ઓથોરીટીના વિસ્તારમાં આવતું હોય તો કઇ કચેરીમાં વેરો ભરવાનો થાય? | ધંધાનું સ્થળ જેટલી ડેઝીગ્નેટેડ ઓથોરીટી હેઠળ આવે તે તમામ ઓથોરીટીમાં નોંધણી કરાવી વેરો ભરવો. |
| ૧૫ | જો કોઇ વ્યવસાયીને શીડયુલની એકથી વધુ કેટેગરી લાગુ પડતી હોય તો ક્યા દરે વેરો ભરવાનો થાય? | જ્યારે કોઇ વ્યવસાયી/વ્યક્તિને શીડયુલની એકથી વધુ કેટેગરી લાગુ પડતી હોય ત્યારે સૌથી વધુ દર લાગુ પડતો હોય તે કેટેગરીમાં નોંધણી કરાવી તે દર મુજબ વાર્ષિક વેરો ભરવા પાત્ર થાય. |
| ૧૬ | આવા વ્યવસાયીએ કોઇ રીટર્ન ભરવાનું થાય? | ના જી. |
| ૧૭ | આવો દર વર્ષે ભરવાનો થતો વેરો ના ભરે તો? | **ડેઝીગ્નેટેડ ઓથોરીટી આવા બાકીદારની મિલ્કત વેચીને, બેંક ખાતા ઉપર ટાંચ મૂકીને, પોલીસ કેસ કરીને પણ વેરો, દંડ તથા વ્યાજની વસુલાત કરી શકશે.** |
| ૧૮ | આ વેરો ભરનારને પ્રશ્ન હોય તો ક્યાં મળવું? | આ વેરા અંગે રજૂઆત અરજી કરવા માટે જે તે ઝોનલ ઓફિસમાં આસી. મેનેજર-પ્રોફેશન ટેક્ષને મળવું.<br>(૧) મધ્ય ઝોનઃ કાળુપુર ઓકટ્રોય ઓફિસ, બીજે માળ, ચોખા બજાર, કાળુપુર, અમદાવાદ<br>(૨) ઉત્તર ઝોનઃ રાજીવ ગાંધી ભવન, મેમ્કો ચાર રસ્તા, નરોડા રોડ, અમદાવાદ<br>(૩) દક્ષિણ ઝોનઃ મણિનગર ફાયર સ્ટેશન સામે, રામબાગ ચાર રસ્તા, મણિનગર, અમદાવાદ<br>(૪) પૂર્વ ઝોનઃ વિરાટનગર ચાર રસ્તા, વિરાટનગર, અમદાવાદ.<br>(૫) પશ્ચિમ ઝોનઃ રમણભાઇ પટેલ ભવન, ઉસ્માનપુરા, અમદાવાદ<br>(૬) નવા પશ્ચિમ ઝોનઃ રાણીપ જુની નગરપાલિકા કચેરી, રાણીપ, અમદાવાદ. |
| ૧૯ | આ વેરો ભરવાની તારીખો કઇ? | આ વેરો દર વર્ષે તા. ૧ એપ્રીલ થી ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ભરવો જોઇએ. નિયત સમયમાં વેંરો નહિં ભરનાર દંડ તથા વ્યાજ ચૂકવવા પાત્ર થશે. |

**નોંધઃ ઉપરોક્ત અનુ. નં ૧ થી ૧૯માં માહિતીને લગતી કાયદાકીય બાબતો માટે ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા નિયમ ૧૯૭૬ અને તેના વખતો વખત થયેલ સુધારા વંચાણે લઇ કાર્યવાહી કરવા વિનંતી છે.**

prof.questions